12૫૮

સ્થળાંતરીત આદિવાસી પરિવાર માટે કામદાર સહાયતા કેન્દ્ર સ્થાપવા બાબત.

ગુજરાત સરકાર.
આદિજાતિ વિકાસ વિભાગ.
ઠરાવ ક્રમાંક-નવબ/૧૦૨૦૧૯/ન.બા-૧૪/ખ
સચિવાલય, ગાંધીનગર.
તા-૩૦/૦૮/૨૦૧૯.

**વંચાણે લીધા:-**

(૧) કમિશનર, આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગરનો તા-૨૧/૦૬/૨૦૧૯ નો પત્ર ક્રમાંક:આવિ/સેલ/ફા.નં.૬૩૫૨/૨૦૧૯-૨૦/૬૬૮-૬૬૯

**પ્રસ્તાવના:-**

આદિજાતિ વિસ્તારોમાં રોજગારના મર્યાદિત સ્ત્રોતના કારણે છૂટક મજૂરી કરનાર આદિજાતિ કુટુંબો રોજગારની વધુ તકો અને વધુ વેતન મેળવવા આસપાસના વિસ્તારના જિલ્લાઓ અને શહેરોમાં રોજગારી માટે સ્થળાંતરીત થતા રહે છે. રાજ્યમાં આદિજાતિ કુટુંબો ખાસ કરીને બાંધકામના કામો, રસ્તાના કામો, ખેતીના કામો અને શહેરી વિસ્તારોમાં કડીયા, પ્લમ્બર વગેરે કુશળ કારીગર તરીકેની રોજગારી સાથે જોડાયેલ છે.જ્યારે દક્ષિણ તથા સૌરાષ્ટ્ર વિસ્તારમાં ખેતી તથા ખેત મજૂર અંગેની રોજગારીમાં આદિજાતિ કુટુંબો સ્થળાંતરીત થતા રહે છે.

સ્થળાંતર કામદાર માટે નિયમિત કામની સાથે સાથે કામના અયોગ્ય વેતન, કામની જગ્યાએ સુરક્ષા, મુકાદમ(મીડલ મેન) દ્વારા શોષણની ઘટનાઓ બનતી રહે છે. સ્થળાંતરના કારણે બાળકોની શાળામાં અનિયમિતતા રહે છે તથા સ્થળાંતરિત કુટુંબ સરકારની વિકાસલક્ષી યોજનાના લાભ અને કામદાર માટે કલ્યાણકારી લાભોથી પણ વંચિત રહી જાય છે.મોટા શહેરમાં સ્થળાંતરીત કુટુંબોને રોજગારની સાથે ઓળખ અને રહેઠાણ સંબંધિત મૂશ્કેલીઓનો સામનો કરવો પડે છે, આ સ્થિતિમાં આદિજાતિ સ્થળાંતરીત કુટુંબોને મોટા શહેરમાં રોજગારી માટેના સ્થળાંતર સમયે તેઓના રોજગારીના પ્રશ્નોમાં સહાયતા, શોષણ અટકાવવું અને કામના સ્થળે સુરક્ષિત વાતાવરણ નિર્માણની સાથે સરકારની કલ્યાણલક્ષી યોજનાઓના લાભો પ્રદાન કરવા માટે રાજ્ય સરકાર દ્વારા

"સ્થળાંતરીત આદિવાસી પરિવાર માટે કામદાર સહાયતા કેન્દ્ર" અમદાવાદ ખાતે કાર્યરત છે. જેને આગામી વર્ષ ૨૦૧૯-૨૦ ચાલુ રાખવા માટે વંચાણે લીધેલ ક્રમાંક: (૧) થી માંગણી નં.૯૩ આયોજન હેઠળ રૂ. ૧૭.૦૦ લાખની નવી બાબતનો આગામી વર્ષ ૨૦૧૯-૨૦ ના બજેટમાં સમાવેશ કરવા રૂ. ૧૭.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, વંચાણે લીધેલ ક્રમાંક: (૧) થી સ્થળાંતરિત આદિજાતિ કામદાર સહાયતા કેન્દ્ર, અમદાવાદ ખાતે માંગણી ક્રમાંક નં.૯૩ આયોજન હેઠળ રૂ. ૧૭.૦૦ લાખની નવી બાબતનો આગામી વર્ષ ૨૦૧૯-૨૦ ના બજેટમાં સમાવેશ કરવા નીચેની શરતોને આધિન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું અચુક પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઈ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગ માં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃએસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતોવખત થયેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે

(૧૦) આ યોજના અન્વયે મંજૂર થયેલ મહેકમ વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજૂ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૧) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે

(૧૨) આઉટસોર્સિંગથી સેવાઓ લેવાની થતી હોય તેવા કિસ્સાઓમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ના ઠરાવના આધારે કાર્યવાહી કરવાની રહેશે.

(૧૩) સ્થળાંતરિત આદિજાતિ સહાયતા કેન્દ્રની પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે વિગતવાર કાર્યપધ્ધતિ નક્કી કરી વહીવટી વિભાગની મંજૂરી મેળવવાની રહેશે.

(૧૪) આ અંગેનો ખર્ચ નીચે દશાવેલ સદરો હેઠળ ચાલુ વર્ષની મળેલ જોગવાઈમાંથી મેળવવાનું રહેશે.

"માંગણી ક્રમાંક: ૯૩ (મહેસૂલ) , મુખ્ય સદર: ૨૨૨૫ અનુસુચિત જાતિઓ, અનુસુચિત જનજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨- અનુસુચિત જનજાતિઓનું કલ્યાણ, , ગૌણ સદર: ૮૦૦ અન્ય ખર્ચ , પેટા સદર: (૦૨) વીકેવાય-૪૨: સ્થળાંતરિત આદિજાતિ કામદાર સહાયતા કેન્દ્ર(આ.સં.તા.કેન્દ્ર)" હેઠળ ચાલુ વર્ષની મળેલ જોગવાઈમાંથી મેળવવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૬/૦૮/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર.આઈ.ઠક્કર)
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

માન.મંત્રીશ્રી, (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧. સચિવાલય, ગાંધીનગર.

માન.રા.ક.મંત્રીશ્રી, (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી,આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

કમિશનરશ્રી (આ.વિ.), બિરસામુંડા ભવન, ગાંધીનગર

નાણા સલાહકારશ્રી (આ.વિ.), બ્લોક નં.૧૪/૨જો માળ, સચિવાલય, ગાંધીનગર.

મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

શાખા સિલેક્ટ ફાઈલ./નાયબ સેકશન અધિકારીશ્રી સિલેક્ટ ફાઈલ